વાહન વ્યવહાર કમિશનરની કચેરી
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૬/૩, ગાંધીનગર
ફોન ૦૭૯-૨૩૨૫૭૮૦૯ Email: cot-trans-tax@gujarat.gov.in

નં.ટેક્ષ/ફાનં.૨૬૭/રજુઆત/ગુ.ત.ટ્રાન્સ.એસો./ 4305

તારીખ : /૦૭/૨૦૨૦.
04 AUG 2020

પ્રતિ,

પ્રમુખશ્રી,

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,

શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦૦૦૪.

**વિષય :- ગુજરાત રાજયના ટ્રાન્સપોર્ટરોની રજુઆત અંગે.**

સંદર્ભ :- ૧. આપના એસોસીએશનની તા. ૧૫/૦૭/૨૦૨૦ ની રજુઆત અન્વયે.

૨. વિભાગના પત્ર નં.ક્રમાંક:એમવીડી/૧૦૨૦૨૦/૧૩૧૦/ખ. તા.૨૨/૦૭/૨૦૨૦.

ઉપરોકત વિષય તેમજ સંદર્ભવાળા પત્ર અન્વયે જણાવવાનું કે અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનના દ્વારા અત્રેની કચેરીના માન.કમિશનરશ્રીને ઉદ્દેશીને તા. ૧૫/૦૭/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ રજુઆતો તેમજ સદર એસો.ની માન.મંત્રીશ્રીને કરેલ સમાન પ્રકારની રજુઆત અન્વયે માન.મંત્રીશ્રી (વા.વ્ય) ની અધ્યક્ષતામાં તા. ૧૫/૦૭/૨૦૨૦ ના રોજ મળેલ બેઠકમાં થયેલ ચર્ચા મુજબ જરૂરી કાર્યવાહી કરવા અત્રેની કચેરીને જાણ કરવામાં આવેલ. જે રજુઆત બદલ અત્રેની કચેરી દ્વારા કરેલ કામગીરીની વિગતો આ સાથે એનેક્ષર-એ માં સામેલ છે.

બિડાણ : સામેલ એનેક્ષર-એ

નોંધ પર માન. કમિશ્રીના આદેશ મુજબ

ખાસ ફરજ પરના અધિકારી,
વાહન વ્યવહાર કમિશનરની કચેરી,
ગુજરાત રાજય,ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના :-</u>

૧. અગંત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (કૃષિ, ગ્રા.વિ.અને વા.વ્ય.)બંદરો અને વાહન વ્યવહાર, સ્વણિમ  સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.

૨. અગંત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (રાજયકક્ષા) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ, પ્રવાસન, સ્વણિમ સંકુલ-૨, નવા  સચિવાલય, ગાંધીનગર.

૩. અગંત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (રાજયકક્ષા) બંદરો અને વાહન વ્યવ્યવહાર, સ્વણિમ સંકુલ-૨, નવા  સચિવાલય, ગાંધીનગર.

૪. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ, નવા  સચિવાલય, ગાંધીનગર.

૫. સેકશન અધિકારીશ્રી, બંદરો અને વાહન વ્યવ્યવહાર, નવા સચિવાલય, ગાંધીનગર.

## એનેક્ષર-એ

| અ.નં. | રજુઆત | કરેલ કામગીરી |
| --- | --- | --- |
| ૧ | સરકારશ્રીએ એપ્રીલ અને મે મહિનાના ટેક્ષની છુટ આપેલ અને ત્યારબાદ વાર્ષિક અને અર્ધ વાર્ષિક એડવાન્સ ટેક્ષ ભરવાની મુદત તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી રાખેલ, પરંતુ તે બાબતે ઓનલાઇન ટેક્ષ ભરવા અર્થે જે કોઇ વ્યવસ્થા બાદ ટેક્ષ ભરનારાઓને માત્ર ૧૫ દિવસનો સમય મળેલ અને તે દરમ્યાન પણ ટેક્ષ ભરવા જતા સીસ્ટમમાં ઘણી અગવડતા પડેલ અને ખાસ કરીને તારીખ ૨૫મી થી સીસ્ટમ ખુબ ધીમી પડેલ અને તે બાબતે આપની કચેરીમાં વારંવાર ટેલીફોનીક ચર્ચા થયેલ અને ખાસ કરીને છેલ્લા બે દિવસ સીસ્ટમા ચાલેલ જ નહીં. અને તે અર્થે આપની ઓફિસમાં જાણકારી પણ આપેલ. તેમજ તા.૩૦/૦૬/૨૦૨૦ના રોજ ઉપરોક્ત જાણકારી સાથે તેમજ ટેક્ષ ભરવાની મુદતનો થોડો વધારો કરવા માટેનો ઇમેલ પણ કરેલ જે બાબતે હજુ સુધી કોઇ ઉત્તર મળેલ નથી. | ૧. સરકારશ્રી દ્વારા સદર સમયગાળા માટે તા. ૩૦/૦૬/૨૦૨૦ સુધી ટેક્ષ ભરવામાંની મુદ્દતમાં છૂટ આપવામાં આવેલ હતી. જેથી હવે આ બાબતે વધુ છુટ આપવા બાબતની વિચારણા થઇ શકે તેમ નથી.<br>૨. વધુમાં આપના દ્વારા કરવામાં આવેલ રજુઆત કે ટેક્ષ ભરવા માટે માત્ર ૧૫ દિવસ મળેલ હતાં અને એમાં પણ સિસ્ટમ વધુ પડતી ધીમી હતી. તે બાબતે જણાવવાનું કે અત્રેના ખાતાના તાબા હેઠળની કચેરીઓની માહિતી મુજબ તા. ૦૧/૦૬/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી સમગ્ર ગુજરાત રાજ્યમાંથી કુલ ૨૦૩૪૬૦ વાહનો દ્વારા કુલ રૂ. ૧૨૧.૫૪ કરોડ રૂપિયા સરકારશ્રીમાં ભરવામાં આવેલ હતાં. |

| | | |
|---|---|---|
| ૨ | ઉપરોક્ત સંજોગોમાં જે ગાડી માલીકોએ તા.૩૦/૦૬/૨૦૨૦ની મુદત બાદ ટેક્ષ ભર્યો તેમને વ્યાજ અને પેનલ્ટી ભરવાની થયેલ પણ તે વ્યાજ અને પેનલ્ટીની ગણતરી તા.૦૧/૦૪/૨૦૨૦થી ગણવામાં આવેલ. | તા. ૧૬/૦૭/૨૦૨૦ થી ખાતામાં અમલી સોફ્ટવેરમાં NIC દ્વારા જરૂરી સુધારા-વધારા કરવામાં આવેલ છે. |
| | ઓનલાઇન સીસ્ટમ અંગેના મુદ્દાઓમાં (અ) કોઇપણ વ્યાપારીક વાહનના વેચાણ બાદ પરમીટ ટ્રાન્સફર અંગે ઓનલાઇન વ્યવસ્થા હોવા છતાં ૨૦ દિવસથી લઇ ૪૦ દિવસ પછીની એપોઇન્મેન્ટ મળે છે. જેથી તે વાહન તે દિવસો દરમ્યાન કાયદાકીય રીતે ચલાવી શકાતું નથી. જે હાલના સમયમાં અયોગ્ય છે. અને પોષણક્ષમ નથી તેમજ ખરા અર્થમાં ઓનલાઇન વ્યવસ્થાનો અર્થ સરતો નથી. | આ બાબતે જણાવવાનું કે હાલમાં ચાલી રહેલ કોવિડ-૧૯ મહામારીના લીધે શરૂ કરવામાં આવેલ આરટીઓ/એઆરટીઓ કચેરી ખાતે સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન થાય તે અર્થે કચેરી ખાતે મુલાકાત લેતાં અરજદારોની સંખ્યા નિયંત્રિત કરવાના હેતુથી વાહન અને સારથી સંબંધિત સર્વિસીસના કવોટા નક્કી કરવામાં આવેલ છે. કચેરીની શરૂઆત તા. ૦૪/૦૬/૨૦૨૦ થી કરવામાં આવેલ હતી. જેમાં જરૂરિયાત મુજબના એપોઇન્ટમેન્ટ સ્લોટ નક્કી કરવામાં આવેલ હતાં. ત્યારબાદ તા.૨૬/૦૬/૨૦૨૦ ના રોજથી સ્લોટમાં વધારો કરવામાં આવેલ. જેમાં સારથી–૪.૦ સંબંધિત કામ માટે સ્લોટની સંખ્યા ૩૭૫૦ ની જગ્યાએ ૪૮૦૫,વાહન–૪.૦ સંબંધિત કામ માટે સ્લોટની સંખ્યા ૩૬૬૦ ની જગ્યાએ ૬૫૧૦ તેમજ ડ્રાયવીંગ લાયસન્સ/ટેસ્ટ ટ્રેક માટેની સ્લોટની સંખ્યા ૬૦૭૫ ની જગ્યાએ ૮૬૪૦ જેટલો |